# ભરૂચ જિલ્લાના થવા પી.ટી.સી. કોલેજના અનુસૂચિત જનજાતિના પ્રશિક્ષણાર્થીઓની વિવિધ સમસ્યાઓનો અભ્યાસ

અમૃતકુમાર જે. પટેલ

### ૧.પ્રસ્તાવના

આજે સંપૂર્ણ વિશ્વમાં શિક્ષણનો વ્યાપ વધતો જઇ રહ્યો છે. બધા માટે શિક્ષણ મૂળભૂત જરૂરિયાત બની ગયું છે. જેમણે પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવું હોય તેમણે સમયની સાથે ચાલવું પડશે અને તે શિક્ષણના માધ્યમથી જ શક્ય બનશે. આજે ઉચ્ચ કે નિમ્ન પ્રત્યેક જ્ઞાતિના લોકો શિક્ષણ મેળવીને પોતાની જાતને સ્થાપિત કરવા પ્રયત્ન કરે છે આજે આદિવાસી જ્ઞાતિનાં લોકો પણ શિક્ષણ મેળવી પોતાના જીવનને સમૃધ્ધ અને સુસંસ્કૃત બનાવવા તરફ પ્રયાણ કરીને પોતાનો તથા સમાજનો વિકાસ કરી રહ્યાં છે. દેશની પ્રગતિ માટે તેમજ વિકાસ માટે દરેક જ્ઞાતિ તથા સમાજનાં લોકો આગળ આવે અને પોતાનું વિશિષ્ટ પ્રદાન કરે તે આધુનિક સમયની માંગ છે.

### ૨. સમસ્યા કથન

“ભરૂચ જિલ્લાના થવા પી.ટી.સી. કોલેજના અનુસૂચિત જનજાતિના પ્રશિક્ષણાર્થીઓની વિવિધ સમસ્યાઓનો અભ્યાસ”

### 3. સંશોધનના હેતુઓ

પ્રસ્તુત સંશોધનના હેતુઓ આ મુજબ હતા.

૧. ભરૂચ જિલ્લાના થવા પી.ટી.સી. કોલેજના અનુસૂચિત જનજાતિના પ્રશિક્ષણાર્થીઓની શારિરીક અને આરોગ્ય વિષયક સમસ્યાઓનો અભ્યાસ કરવો.
૨. ભરૂચ જિલ્લાના થવા પી.ટી.સી. કોલેજના અનુસૂચિત જનજાતિના પ્રશિક્ષણાર્થીઓની આર્થિક સમસ્યાઓનો અભ્યાસ કરવો.
૩. ભરૂચ જિલ્લાના થવા પી.ટી.સી. કોલેજના અનુસૂચિત જનજાતિના પ્રશિક્ષણાર્થીઓની સાંવેગિક સમસ્યાઓનો અભ્યાસ કરવો.
૪. ભરૂચ જિલ્લાના થવા પી.ટી.સી. કોલેજના અનુસૂચિત જનજાતિના પ્રશિક્ષણાર્થીઓની કૌટુંબિક-સામાજીક સમસ્યાઓનો અભ્યાસ કરવો.
૫. ભરૂચ જિલ્લાના થવા પી.ટી.સી. કોલેજના અનુસૂચિત જનજાતિના પ્રશિક્ષણાર્થીઓની ધાર્મિક-નૈતિક સમસ્યાઓનો અભ્યાસ કરવો.
૬. ભરૂચ જિલ્લાના થવા પી.ટી.સી. કોલેજના અનુસૂચિત જનજાતિના પ્રશિક્ષણાર્થીઓની શૈક્ષણિક સમસ્યાઓનો અભ્યાસ કરવો.

### ૪.સંશોધનના પ્રશ્નો

૧. ભરૂચ જિલ્લાના થવા પી.ટી.સી. કોલેજના અનુસૂચિત જનજાતિના પ્રશિક્ષણાર્થીઓની શારિરીક અને આરોગ્ય વિષયક
૨. સમસ્યાઓ કેવી હશે ?
૩. ભરૂચ જિલ્લાના થવા પી.ટી.સી. કોલેજના અનુસૂચિત જનજાતિના પ્રશિક્ષણાર્થીઓની કઇ કઇ આર્થિક સમસ્યાઓ
૪. હશે?
૫. ભરૂચ જિલ્લાના થવા પી.ટી.સી. કોલેજના અનુસૂચિત જનજાતિના પ્રશિક્ષણાર્થીઓની સાંવેગિક સમસ્યાઓ કેવા પ્રકારની હશે?
૬. ભરૂચ જિલ્લાના થવા પી.ટી.સી. કોલેજના અનુસૂચિત જનજાતિના પ્રશિક્ષણાર્થીઓની કૌટુંબિક-સામાજીક સમસ્યાઓ કઇ કઇ હશે?
૭. ભરૂચ જિલ્લાના થવા પી.ટી.સી. કોલેજના અનુસૂચિત જનજાતિના પ્રશિક્ષણાર્થીઓની ધાર્મિક-નૈતિક સમસ્યાઓ કેવી હશે?
૮. ભરૂચ જિલ્લાના થવા પી.ટી.સી. કોલેજના અનુસૂચિત જનજાતિના પ્રશિક્ષણાર્થીઓની કેવી શૈક્ષણિક સમસ્યાઓ અનુભવતા હશે?

### ૫. સંશોધનનું મહત્વ

પ્રસ્તુત સંશોધન દ્વારા અનુસૂચિત જનજાતિનાં પ્રશિક્ષણાર્થીઓની શારિરીક અને આરોગ્ય વિષયક,

આર્થિક, સાંવેગિક, કૌટુંબિક-સામાજીક, ધાર્મિક-નૈતિક અને શૈક્ષણિક સમસ્યાઓ જાણી શકાશે.

### ૬. નમૂના પસંદગી

પ્રસ્તુત સંશોધનમાં ભરૂચ જિલ્લાના વાલિયા તાલુકામાં આવેલી થવા પી.ટી.સી. કોલેજની સહેતુક નમૂના પસંદગી પધ્ધતિ દ્વારા પસંદગી કરવામાં આવી હતી. તેમજ ત્યાં અભ્યાસ કરતા અનુસૂચિત જનજાતિના પ્રશિક્ષણાર્થીઓમાંથી એફવાયના ૧૭ પુરુષ, ૧૭ સ્ત્રી પ્રશિક્ષણાર્થીઓ અને એસવાયના ૧૭ પુરુષ, ૧૭ સ્ત્રી પ્રશિક્ષણાર્થીઓ આમ કુલ ૬૮ પાત્રોની પ્રાપ્ય નિર્દેશ પધ્ધતિ દ્વારા પસંદગી કરવામાં આવી હતી.

### ૭. સીમાંકન

પ્રસ્તુત સંશોધન ગુજરાત રાજયના ભરૂચ જિલ્લાના વાલિયા તાલુકામાં આવેલી થવા પી.ટી.સી. કોલેજમાં અભ્યાસ કરતા અનુસૂચિત જનજાતિના પ્રશિક્ષણાર્થીઓમાંથી એફવાયના ૧૭ પુરુષ, ૧૭ સ્ત્રી પ્રશિક્ષણાર્થીઓ અને એસવાયના ૧૭ પુરુષ, ૧૭ સ્ત્રી પ્રશિક્ષણાર્થીઓ આમ કુલ ૬૮ પ્રશિક્ષણાર્થીઓ પૂરતું જ મર્યાદિત હતું.

### ૮. ઉપકરણો

પ્રસ્તુત સંશોધનમાં ભરૂચ જિલ્લાના થવા પી.ટી.સી. કોલેજના અનુસૂચિત જનજાતિના પ્રશિક્ષણાર્થીઓની વિવિધ સમસ્યાઓનો અભ્યાસ કરવા માટે ડૉ.જે.એચ.શાહ ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ રચિત તૈયાર પ્રશ્નાવલિ આપવામાં આવી હતી.

### ૯. માહિતી એકત્રીકરણની રીત

સૌ પ્રથમ ભરૂચ જિલ્લાના વાલિયા તાલુકામાં આવેલી થવા પી.ટી.સી. કોલેજમાં અભ્યાસ કરતા અનુસૂચિત જનજાતિના પ્રશિક્ષણાર્થીઓમાંથી એફવાયના ૧૭ પુરુષ, ૧૭ સ્ત્રી પ્રશિક્ષણાર્થીઓને એક રૂમમાં ભેગા કરી પ્રશ્નાવલિ અંગેની વિગત આપી માહિતી એકત્ર કરવામાં આવી હતી. ત્યારબાદ એસવાયના ૧૭ પુરુષ, ૧૭ સ્ત્રી પ્રશિક્ષણાર્થીઓની પાંસેથી પણ તે જ પ્રમાણે માહિતી એકત્ર કરવામાં આવી હતી.

### ૧૦. પ્રાપ્ત માહિતીનું પૃથક્કરણ

પ્રસ્તુત સંશોધનમાં પ્રશ્નાવલિ દ્વારા પ્રાપ્ત માહિતીનું પૃથક્કરણ કરવા માટે ટકાવારીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. પ્રશ્નાવલિ દ્વારા પ્રાપ્ત માહિતીને આવૃત્તિમાં ફેરવી ટકાવારી કાઢવામાં આવી હતી. જે મુજબ,

૧ પ્રશિક્ષણાર્થીઓને ૨૧.૨૭ ટકા શારિરીક અને આરોગ્ય વિષયક સમસ્યાઓ નડતી હતી.
૨ પ્રશિક્ષણાર્થીઓને ૨૩.૯૪ ટકા આર્થિક સમસ્યાઓ નડતી હતી.
૩ પ્રશિક્ષણાર્થીઓને ૨૬.૪૭ ટકા સાંવેગિક સમસ્યાઓ નડતી હતી.
૪ પ્રશિક્ષણાર્થીઓને ૧૯.૭૯ ટકા કૌટુંબિક-સામાજીક સમસ્યાઓ નડતી હતી.
૫ પ્રશિક્ષણાર્થીઓને ૨૪.૭૭ ટકા ધાર્મિક-નૈતિક સમસ્યાઓ નડતી હતી.
૬ પ્રશિક્ષણાર્થીઓને ૨૪.૧૨ ટકા શૈક્ષણિક સમસ્યાઓ નડતી હતી.

આ ઉપરથી ફલિત થાય છે કે અનુસૂચિત જનજાતિના પ્રશિક્ષણાર્થીઓમાં સૌથી વધુ સાંવેગિક સમસ્યાઓ તેમજ સૌથી ઓછી કૌટુંબિક-સામાજીક સમસ્યાઓ જોવા મળી હતી, જે તેમની કૌટુંબિક સામાજીક પ્રગતિ દર્શાવે છે.

### ૧૧. તારણો

પ્રસ્તુત સંશોધનનાં તારણો નીચે મુજબ હતા.

***૧૧.૧ થવા પી.ટી.સી. કોલેજમાં અભ્યાસ કરતા અનુસૂચિત જનજાતિના પ્રશિક્ષણાર્થીઓ નીચે મુજબની શારિરીક અને આરોગ્ય વિષયક સમસ્યાઓ અનુભવતા હતા***

૧. જોઇએ તે પ્રમાણમાં તંદુરસ્તી જળવાતી નથી.
૨. ખૂબ આળસ આવે છે.
૩. કંટાળો જલદી આવે છે.
૪. લાંબો સમય વાંચી શકાતું નથી.
૫. રાત્રે વધુ વાંચી શકાતું નથી.
૬. યાદશક્તિ ઓછી છે.

***૧૧.૨ થવા પી.ટી.સી. કોલેજમાં અભ્યાસ કરતા અનુસૂચિત જનજાતિના પ્રશિક્ષણાર્થીઓ નીચે મુજબની આર્થિક સમસ્યાઓ અનુભવતા હતા***

૧. ઘરની આર્થિક સ્થિતિ નબળી જોઇને બેચેની અનુભવું છું.
૨. ઘરની પરિસ્થિતિ નબળી હોવાથી બરાબર ભણી શકાતું નથી.
૩. પૈસાનાં અભાવે ટ્યુશન રાખી શકાતું નથી.
૪. દુનિયામાં પૈસાદારો ને જ વધુ મહત્વ મળે છે.
૫. પૈસા ખોતા ન ખર્ચાય તે માટે સજાગ રહેવું પડે છે.

***૧૧.૩ થવા પી.ટી.સી. કોલેજમાં અભ્યાસ કરતા અનુસૂચિત જનજાતિના પ્રશિક્ષણાર્થીઓ નીચે મુજબની સાંવેગિક સમસ્યાઓ અનુભવતા હતા***

૧. કેટલાક કાર્યોમાં મન ચોંટતું નથી.
૨. ઈચ્છાઓ પૂર્ણ ન થતાં નિરાશ થઇ જવાય છે..
૩. મને લાગે છે કે મારે ઘણું કરવાનું છે.
૪. બીજાઓ પર સારી છાપ પડે તે અંગે સજાગ રહું છું.
૫. મારે ધાર્યું કરવા જોઇએ છે.

***૧૧.૪ થવા પી.ટી.સી. કોલેજમાં અભ્યાસ કરતા અનુસૂચિત જનજાતિના પ્રશિક્ષણાર્થીઓ નીચે મુજબની કૌટુંબિક-સામાજીક સમસ્યાઓ અનુભવતા હતા***

૧. માતાપિતા મારી પાંસે વધારે અપેક્ષા રાખે છે.
૨. પ્રેમમાં પડવાથી ઘરની પરિસ્થિતિ નબળી હોવાથી બરાબર ભણી શકાતું નથી.
૩. પારકે ઘરે રહીને ભણવું ગમતું નથી.
૪. બીજી જ્ઞાતિનાં છોકરા/છોકરી સાથે લગ્ન કરી શકાતા નથી.
૫. દહેજ પ્રથાને ધિક્કારું છું.

***૧૧.૫ થવા પી.ટી.સી. કોલેજમાં અભ્યાસ કરતા અનુસૂચિત જનજાતિના પ્રશિક્ષણાર્થીઓ નીચે મુજબની ધાર્મિક-નૈતિક સમસ્યાઓ અનુભવતા હતા***

૧. ધર્મના નામે આડંબર થાય તે પસંદ નથી.
૨. કરેલી ભૂલો યાદ આવ્યા કરે છે.
૩. સાચું શું અને ખોટુ શું તે મને કેટલીકવાર સમજાતું નથી.
૪.. ઘણીવાર મારાથી પ્રામાણિક રહેવાતું નથી.
૫.. ધાર્મિક પુસ્તકો વિશે વધુ સમજવા ઇચ્છું છું.

***૧૧.૬ થવા પી.ટી.સી. કોલેજમાં અભ્યાસ કરતા અનુસૂચિત જનજાતિના પ્રશિક્ષણાર્થીઓ નીચે મુજબની શૈક્ષણિક સમસ્યાઓ અનુભવતા હતા***

૧. સારા માર્ક્સ મેળવવાની ચિંતા રહે છે.
૨. ભણ્યા પછી ભવિષ્યમાં હું શું કરીશ તેની ચિંતા રહે છે.
૩. સમયસર અભ્યાસ કરી શકાતો નથી.
૪. અમુક વિષયમાં રસ પડતો નથી.
૫. વિદ્યાર્થીઓની લાગણી કેટલાક શિક્ષકો સમજતા નથી.
૬. હું મારું અંગ્રેજી સુધારવા ઇચ્છું.

**૧૨. સંદર્ભો**

૧. આચાર્ય, મોહિની, (૨૦૦૮). શિક્ષણમાં સંશોધનનું પધ્ધતિશાસ્ત્ર. અક્ષર પબ્લિકેશન, અમદાવાદ.
૨. પટેલ, આર. એસ. (૨૦૦૮). શૈક્ષણિક સંશોધન માટે આંકડાશાસ્ત્રીય પધ્ધતિઓ. જય પબ્લિકેશનન, અમદાવાદ.
૩. શાહ, દીપીકા, બી. (૨૦૦૪). શૈક્ષણિક સંશોધન. અમદાવાદઃ યુનિવર્સિટી ગ્રંથનિર્માણબોર્ડ, ગુજરાત રાજ્ય. પૃ.૩૪૧.